GJPM130001132023

Presented on : 20-02-2023
Registered on : 20-02-2023
Decided on : 22-12-2025
Duration : 2 years, 10 months, 2 days

## <u>મે.ગોધરા ખાતેનાં મજુર અદાલતનાં પ્રિસાઈડીંગ ઓફિસર સમક્ષ, મુ.ગોધરા</u>

**રેફરન્સ ટી. (એલ.સી.જી) નં. ૬૬/૨૦૨૩**

**આંક : ૧૫**

**પ્રથમ પક્ષકાર:–** લીયર ઓટોમોટીવ ઈન્ડીયા પ્રા.લી.,
હાલોલ પ્લાન્ટ બરોડા હાલોલ હાઈવે,
હાલોલ ટોલ નાકા પાસે,મુખ્ય ઓફીસ,
ઈ.૨૫,૨૬,૨૭, બોસરી માઈડીક પુને–૪૧૧૦૨૬
મહારાષ્ટ્ર,ઈન્ડીયા.સી આઈ એન યુ.૩૪૩૦૦
પી એન ૧૯૯૬ પી ટી સી ૧૩૪૦૮૫

**– :: વિરુઘ્ધ :: –**

**બીજા પક્ષકાર :–** શ્રી મેહુલકુમાર વિજયસિંહ પરમાર
મુ.નાવરીયા,પો.મેદાપુર,તા.હાલોલ,જી.પંચમહાલ.
C/O પ્રદિપસિંહ વી. ઠાકોર(એડવોકેટ)
મુ.પો.રીંછીયા,તા.કાલોલ,જી.પંચમહાલ.

**પ્રતિનિધિઓ:–**

પ્રથમ પક્ષકાર તરફે : વિઘ્વાન વકીલશ્રી કે.એમ.શાહ
બીજા પક્ષકાર તરફે : વિઘ્વાન વકીલશ્રી પી.વી.ઠાકોર

**–: એવોર્ડ :–**

(૧) આ રેફરન્સ મદદનીશ મજુર કમિશ્નરશ્રી ગોધરા તરફથી તેઓના હુકમ ક્રમાંક: કે.એચ/એસ. એચ.એમ.સી/એ./ગો/**૯૨૬** તા.**૨૪/૦૧/૨૦૨૩** થી તેઓની નીચે મુજબની અનુસૂચિ મુજબ ન્યાય નિર્ણય અર્થે અત્રે રીફર કરવામાં આવેલ છે.

**–: અનુસૂચિ :–**

''**શ્રી મેહુલકુમાર વિજયસિંહ પરમારને** તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત નોકરીમાં

પુન: સ્થાપિત કરવા જોઈએ કે કેમ ? ''

(૨) આ કામે બીજા પક્ષકારે **આંક–૦૪** થી તેમનું માંગણાનું નિવેદન રજુ કરેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે અમો બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારને ત્યાં નિમણુંક **તા.૦૧/૦૫/૨૦૧૨** ના રોજથી **ઓપરેટર** તરીકે ફરજ બજાવતા હતા. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર તરફથી માસીક **રૂ.૨૩,૩૬૧/–** નો પગાર ચુકવતા હતા જેથી કલમ–૨૫(બી)(૧)(ડી) મુજબ વળતર મેળવવા હકકદાર છે. લીયર કંપની તા.૨૯/૧૦/૨૦૨૦ ના રોજ બંધ કરેલ છે. બીજા પક્ષકારની ટ્રાન્સફર કલમ–૨૫–ઈ(૨) ઔધ્યોગિક સંસ્થાના પાંચ માઈલની ત્રિજયામાં આવેલ તે જ માલીકની બીજી સંસ્થામાં કામ કરવાનો ઈન્કાર કરેલ નથી. બીજા પક્ષકારની આજ ઔધ્યોગિક સંસ્થાની પાંચ માઈલ ત્રીજયાની બહાર ૧૨૦૦ કી. મી. દુર ચેન્નઈ મુકામે આવેલ સંસ્થામાં તા.૨૯/૧૦/૨૦૨૦ ના રોજ ટ્રાન્સફર હુકમ કરેલ છે જેથી આ જ કાયદાઓ પ્રથમ પક્ષકારો તરફથી ભંગ કરેલ છે. જેથી બીજા પક્ષકાર નોકરી તથા તે અંગેનો પગાર મેળવવા હકકદાર થયેલા છે. તા.૨૯/૧૦/૨૦૨૦ ના રોજ કંપનીએ પ્રોડકશન બંધ કરી દીધેલ છે અને કંપની પણ બંધ કરી દીધેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૧૦૦ થી વધુ કામદારો ફરજ બજાવતા હતા જેથી ૨૫–બી મુજબની જોગવાઈઓ મુજબ સંસ્થાને લાગુ પડે અને લે ઓફ આપતા પહેલા ૨૫–બી(૨)(૧) મુજબ માલીકે કુદરતી પ્રકોપ કે વિજળી કામ સિવાય લે ઓફ કરતા પહેલા સરકારશ્રીની મંજુરી લેવાની રહે છે જે મેળવી નથી અને તા.૨૯/૧૦/૨૦૨૦ ના રોજ સંસ્થા બંધ કરી દીધેલ છે. મંજુરી અરજીમાં લે ઓફ કારણના કારણો લખવાના હોય છે તે મુજબ પ્રથમ પક્ષકાર વર્તયા નથી અને આવી અરજી લે ઓફ કરતા પહેલા ૩૦ દિવસ અગાઉ કરવાની હોય છે તે મુજબ અરજી કરી નથી. અરજી મળ્યા પછી, સરકાર, કામદાર અને માલીકને સાંભળી યોગ્ય લાગે તે રીતે તેને કાં તો માન્ય કરશે કે અમાન્ય કરશે તેની એક કોપી કામદાર અને માલીકને મોકલશે તે મુજબ બીજા પક્ષકારને સરકારશ્રીએ સાંભળવા બોલાવેલ નથી કે તે વિશે કોઈ જાણ કરેલ નથી. ચેન્નઈ ટ્રાન્સફર કરેલ કામદારો ત્યાં હાજર થયા તો તેમને પુરેપુરૂ લે ઓફ મંજુર કરેલ છે અને તેઓને કાયદા મુજબની પુરેપુરી રકમ ચુકવેલ છે તે અંગેના આ કામે કાગળો રજુ કરેલ છે. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને રીટ્રેન્ચ કે લે–ઓફ કરવાના કારણો જણાવેલ નથી. વધુમાં જણાવેલ છે કે ૨૫–સી મુજબ ધંધો બંધ કરતા પહેલા ૯૦ દિવસ અગાઉ નિયત ફોર્મમાં પ્રથમ પક્ષકારે મંજુરી મેળવી નથી. જે તે સરકારની મંજુરી વગર ૨૫(ઓ)(૧)(૨), ૨૫(એફ)(એફ)અ(એ) તથા કલમ–૩૩ નો ભંગ કરેલ હોઈ તમામ મળતા ભથ્થા ચુકવી આપવા તથા તે મુજબ વળતર ચુકવી આપવા અથવા અમોને ફરજ પર પાછા લે તે મુજબ કલમ–૧૦ મુજબની અરજી છે અથવા તફાવતમાં ઓછી રકમ ચુકવી છે તેની જગ્યાએ પૂર્ણ તફાવતની રકમ ચુકવી આપે તેવી દાદ માટેની હાલની અરજી છે જે મંજુર કરવા અરજ કરેલ છે.ઉપરોકત વળતર અમો ૧૯૬૪ ગુજરાત લો રીપોર્ટર પાન–૬૦૯ અંબાલાલ શીવલાલ વિ.

વી.ડી.એમ.એન્ડ અધર્સમાં તા.૦૩/૧૦/૧૯૬૩ ના રોજ આપેલ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ મેળવવા હકકદાર છીએ. જેથી અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૩) સદર કામે **આંક–૦૭** થી પ્રથમ પક્ષકાર તરફે બીજા પક્ષકારના માંગણા વિરૂધ્ધ તેમનો લેખિત જવાબ રજુ કરેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે હાલનો રેફરન્સ શરૂઆતથી રદ બાતલ છે. હાલનો રેફરન્સ ઔધોગિક વિવાદ ધારો–૧૯૪૭ ની કલમ–૧૦ મુજબનો દાખલ કરેલ છે. તેમજ શ્રમયોગીના નોકરી સહીતના લાભો તથા મળવાપાત્ર પગાર, પડેલા દિવસોનો પગાર તેમજ મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા અંગેનો છે. ઉપરોકત સંદર્ભમાં નોકરીમાંથી બરતરફ કરવા અંગેની કાયદેસરતા અને માન્યતા અને જો કોઈ લાભ મળવાપાત્ર હોય તો તે બાબતની સત્તા આપે છે. આમ, કોર્ટ જે સંદર્ભની શરતો સાથે રચાયેલ હોય તે સંદર્ભિત વિવાદની બહાર જઈ શકતી નથી. હાલનો રેફરન્સ નોકરીની સમાપ્તી, સેટલમેન્ટ અને વી.આર.એસ. ને પડકારેલ નથી જયારે અમો એવી રજુઆત કરીએ છીએ કે આ કામના બીજા પક્ષકારે સમાધાન અધિકારી સમક્ષ તા.૨૦/૦૯/૨૦૨૨ ના રોજ કરેલી ફરીયાદમાં નોકરીમાંથી કાઢી મુકવાના કારણને આધારે ઉઠાવેલી છે. જયારે કામદારે છુટા કરવાના કારણમાં કોઈ પણ જાતની નોટીસ વગર છુટા કરેલાનુ જણાવેલુ છે જેથી સંદર્ભની શરતો શ્રમ અદાલત ધ્વારા તા.૨૯/૧૦/૨૦૨૦ ના રોજ વી.આર.એસ./ રાજીનામા માટેની અરજીની કાયદેસરતા પરના કોઈ પણ નિર્ણયને પ્રતીબંધીત કરતી નથી. જે સંબધિત કામદાર ધ્વારા તા.૨૯/૧૦/૨૦૨૦ ના સમાધાનના આધારે આપવામાં આવી હતી જયાં સંબધિત કામદાર સહી કરનાર હોય અને વી.આર.એસ. રકમની સ્વીકૃતી પડકારેલ હેઠળ ન હોય અને કોર્ટ સંદર્ભની શરતોથી આગળ વધી શકતી નથી અને સંદર્ભ હેઠળના મામલામાં કોઈ પણ કારણ બતાવો નોટીસ વિના ગેરકાયદેસર બરતરફી પર આધારીત છે જેના સંદર્ભમાં સર્વોચ્ચ અદાલતે મ્યુનીસીપલ કમીટી તવરૂ વિ. હર્ષપાલસિંઘ, ૧૯૯૯(૧) એલ.એલ.જે. પાનાનં.૧૦૨ ના ચુકાદામાં પેરાનં.૯ પર આધાર રાખેલ છે. વધુમાં જયારે કામદારે હાલના રેફરન્સમાં છટણીની કાયદેસરતા, છટણી બંધને પડકારેલ છે જયારે ઉપરની સંદર્ભની શરતો આવા કોઈ પણ પડકારને પ્રતિબંધીત કરતી નથી અને આ કોર્ટ સમક્ષ આવા કોઈ પણ પડકારની ગેરહાજરીમાં શરતો સંદર્ભ ધ્વારા આ કોર્ટ આવા કોઈ પણ પડકારોનો નિર્ણય લઈ શકતી નથી. ઉપર જણાવેલા સર્વોચ્ચ અદાલતના ચુકાદા મુજબ સંદર્ભની શરતો અનુસાર ન હોય તેવી રાહત આપી શકાતી નથી. જેથી જો કામદાર કોઈ વિનંતી ન કરે તેથી કોઈ પણ રાહત માટે હકકદાર નથી. વધુમાં આ કામના બીજા પક્ષકારના માંગણાના નિવેદનમાં સમાપ્તીની તારીખનો ઉલ્લેખ કરેલ નથી જેથી છટણીની તારીખની કાયદેસરતા નકકી કરવાની ફરજ શ્રમ અદાલત પર મુકવામાં આવે છે જયારે હાલના કેસમાં સમગ્ર માંગણા નિવેદનમાં સમાપ્તીની તારીખનો ઉલ્લેખ નથી. જેથી છટણી અંગેની તારીખ જણાવેલ ન હોય જેથી હાલના રેફરન્સમાં સમાપ્તીની તારીખ ન હોવાથી નિર્ણય લેવાની કોઈ સત્તા નથી. વધુમાં હાલના કામદાર

કોર્ટ સમક્ષ ચોખ્ખા હાથે આવેલા નથી. હાલના કામદાર વાસ્તવિક તથ્યો છુપાવીને કોર્ટમાં આવેલા છે. જેથી અદાલતે વાસ્તવિક તથ્યો છુપાવીને કોર્ટમાં આવનારને કોઈ રાહત આપવી જોઈએ નહી. વધુમાં એવુ જણાવીએ છીએ કે દરેક કામદારે સમાધાન કર્યુ હતુ અને રાજીનામુ આપીને વી.આર.એસ. સ્વીકાર્યુ હતુ અને કામદારને વી.આર.એસ.ની રકમ તેમજ કાનુની બાકી રકમ મળી ગઈ છે. વધુમાં દરેક કામદારે તેમની પી.એફ. રકમ પણ પાછી ખેંચી લીધેલ હતી અને પાંછી ખેંચવાની અરજી કરતી વખતે રાજીનામુ આપવાનો ઉલ્લેખ કરવામાં આવેલ હતો. વધુમાં આ તમામ હકીકતો હાલના વિવાદના નિર્ણય માટે મહત્વ પૂર્ણ છે જે કામદાર ધ્વારા જાણી જોઈને દબાવવામાં આવી છે અને આવી હકીકતો જાહેર કર્યા વિના માંગણાનુ નિવેદન કરેલ છે. વધુમાં આઈ.ડી.એકટની કલમ–ર(એસ) કામદાર નથી. વધુમાં હાલના કર્મચારીને સને–૧૯૪૭ ના ઔધોગિક અધિનિયમની એકટની કલમ–૧૦ ની જોગવાઈઓનો લાભ લેવાનો કોઈ કાનુની અધિકાર નથી. સંબધિત કામદાર સુપરવાઈઝરીની ફરજો બજાવી રહયા હતા તેથી તે કામદાર નથી. વધુમાં મદ્રાસ હાઈકોર્ટના કે.જયપાલ વિ. ઈન્ડીયન ઓફ ઈન્ડીયના કેસના ચુકાદા પર આધાર રાખીએ છીએ જેમા કોર્ટે ઠરાવેલ છે કે એકવાર કામદાર રાજીનામુ આપી દે અને બાકી લેણા સ્વીકારી લે પછી તે કામદાર રહેતો નથી અને સરકાર ધ્વારા કોઈ સંદર્ભ આપી શકાતો નથી. જે ચુકાદાના પેરાનં.૧૮ મુજબ કાયદાની કલમ–ર(ઓ) હેઠળની જોગવાઈઓ ધ્યાને લેતા કામદાર એટલે કોઈ પણ ઉધોગમાં મેન્યુઅલ, અકુશળ કામ કરવા માટે કાર્યરત કોઈ પણ વ્યકિત ભાડા અથવા પુરસ્કાર માટે કુશળ, ટેકનીકલ અથવા ઓપરેશનલ, કારકુની અથવા સુપરવાઈઝરી કાર્ય જેમા બરતરફ, છુટા કરાયેલ અથવા છટણી કરાયેલ કોઈ પણ વ્યકિતનો સમાવેશ થાય છે. ઉપરોકત જોગવાઈઓમાં એવી વ્યકિતનો સમાવેશ થતો નથી કે જેણે રાજીનામુ આપ્યુ હોય અને સમગ્ર લાભો મેળવેલા હોય. જયારે એવી રજુઆત છે કે રાજીનામુ આવ્યુ હતુ તે કંપની એકવાર સાબીત કરે તો હાલના સંદર્ભમાં શરતો સાથેની અદાલતને રાજીનામાની કાયદેસરતા અને માન્યતા તપાસવાની કોઈ સત્તા નથી કારણ કે અદાલતને કયારેય તે નકકી કરવાનો પ્રશ્ન જ નથી. બીજા શબ્દોમાં કહીએ તો સંદર્ભની શરતોને આધારે અદાલત ફકત સમાપ્તીની કાયદેસરતા નકકી કરી શકે છે અને જવાબ હેઠળના કેસમાં કાયદેસરતા નકકી કરવાનુ રાજીનામુ છે અને સંદર્ભના બહારનુ છે. વધુમાં રાજસ્થાન હાઈકોર્ટના મેનેજર મેસર્સ સીલેકશન સીન્થેટીંક લી. વિ. લેબર કોર્ટ ભીલવાળા અને અન્યના ચુકાદા ધ્વારા સમર્થન મળે છે. હાલની ફરીયાદ બે વર્ષથી વધુના વિલંબ ધ્વારા દાખલ કરવામાં આવી છે અને તેને પોતે જ વી.આર.એસ. રકમ મેળવ્યા બાદ કામદારે આ ખોટી અને બનાવટી ફરીયાદ કરી કંપનીમાંથી અનુચીત લાભ મેળવવા માટે હાલનો રેફરન્સ કરેલ છે. વધુમાં એવી રજુઆત છે કે વી.આર.એસ. / ગ્રેજયુઈટી અને અન્ય તમામ કાનુની લેણા ચુકવ્યા પછી કામદારોની સેવાઓ તા.ર૯/૧૦/ર૦ર૦ થી મુકત કરવામાં આવી હતી. જો સંબધિત કર્મચારીને રાજીનામા અંગે કોઈ ફરીયાદ હોત તો તે તાત્કાલીક પાંછી ખેંચી

શકયા હોત અથવા તો પ્રથમ ઉપલબ્ધ તક પર તેના માટે વિવાદ ઉઠાવી શકયા હોત પરંતુ હાલના કીસ્સામાં સંબધિત કર્મચારીએ તેના બેંન્ક ખાતામાં પૈસા ટ્રાન્સફર કરીને અને તેના ખાતામાં રકમ મેળવ્યા પછી અને નોંધપાત્ર સમય પછી કરેલ હોઈ હાલની ફરીયાદ કાયદેસર રીતે માન્ય નથી જે બાબતે નામદાર બોમ્બે હાઈકોર્ટના લાફન્સ ઈન્ડીયા પ્રા.લી. વિ. પંચમસિંહ રાવત અને બીજાઓના ચુકાદા પર આધાર રાખીએ છીએ. વધુમાં હાલના કામદાર જેમણે કથિત છુટા કરવાની ફરીયાદ દાખલ કરેલ છે તે કામદાર કમીટીના સભ્ય હતા અને તે કંપની ધ્વારા કાર્યરત કામદારો માટે સોદાબાજી એજન્ટ તરીકે કાર્ય કરી રહી હતી. વધુમાં તા.૧૧/૧૧/૨૦૨૦ ના રોજ તમામ કામદારોએ કંપની મેનેજમેન્ટ સમક્ષ વી.આર.એસ. યોજના અને તેની સાથે જોડાયેલા લાભોને અંતિમ સ્વરૂપ આપવા માટે તેમના પ્રતિનીધીઓની રચનાની ઘોસણા કરી હતી. ઉપરોકત તા.૧૧/૧૧/૨૦૨૦ ના રોજ તેમના પ્રતિનિધીઓની પણ જાહેરાત કરવામાં આવેલ જેમણે વી.આર.એસ. યોજનાની વાટાઘાટો અને અંતિમ સ્વરૂપ આપવા માટે અધિકૃતતા આપવામાં આવી હતી. જેથી વી.આર.એસ. સ્કીમ અને તેના સેટલમેન્ટની શરતો મુજબ સંબધિત કર્મચારીઓએ વી.આર.એસ. માટે અરજી કરી હતી અને તા.૨૯/૧૦/૨૦૨૦ ના રોજ રાજીનામુ આપ્યુ હતુ. રાજીનામુ કંપની ધ્વારા સ્વીકારવામાં આવ્યુ હતુ અને રાજીનામુ સ્વીકારાયા બાદ સંબધિત કર્મચારીને કંપનીની સેવાઓમાંથી મુકત કરવામાં આવ્યા હતા. સંબધિત કર્મચારીને તેમના તમામ કાયદેસરના લેણા ચેક ધ્વારા ચુકવામાં આવ્યા હતા અને તેથી નોકરીમાંથી કાઢી મુકવાનો પ્રશ્ન જ યોગ્ય નથી. વધુમાં એવી રજુઆત છે કે એક તરફ સંબધિત કર્મચારી એવો આક્ષેપ લગાવી રહયા છે કે તેની સેવાઓ સમાપ્ત કરવામાં આવી છે અને બીજી તરફ વાસ્તવીક સ્થીતી મુજબ સંબધિત કર્મચારીએ કંપનીની સેવાઓમાંથી સ્વૈચ્છીક રાજીનામુ આપ્યુ છે જે રાજીનામાના પત્ર પરથી જોઈ શકાય છે. વધુમાં રાજીનામુ આ પ્યા બાદ કર્મચારીએ પ્રોવીડન્ટ ફંડ ઉપાડ ફોર્મ ફાઈલ કરેલ છે અને પી.એફ. અધિકારી સમક્ષ તે સબમીટ કર્યુ છે અને અમારી પાસે રહેલી માહીતી મુજબ પી.એફ. વિભાગે સબમીટ કરેલા ફોર્મની પ્રક્રિયા પણ કરી લીધેલ છે. વધુમાં એવુ જણાવીએ છીએ કે સંબધીત કર્મચારીએ પોતાની મરજીથી રાજીનામુ આપેલ છે અને તેનો સ્વીકાર કરેલો છે અને તેના કાનુની લેણા પણ સ્વીકારી લીધેલા છે. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પે.સી. એ.નં.૪૭૮૧/૨૦૦૮ ભરતકુમાર ત્રીવેદી વિ. કેડીલા ફાર્માસ્યુટીકલ લી.ના ચુકાદા પર આધાર રાખેલ છે. વધુમાં જો કામદાર સુપ્રિમ કોર્ટ અને ગુજરાતના હાઈકોર્ટના આદેશ મુજબ વિષય વસ્તુને પડકારવા માંગે છે તો તેમને વી.આર.એસ. ધ્વારા પ્રાપ્ત રકમ નામદાર કોર્ટ સમક્ષ પરત કરવી જોઈએ. જે બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પે.સી.એ.નં.૫૪૯૧/૨૦૧૪, રાયજીભાઈ ભીખાભાઈ પરમાર અને ૪૯૫ વિ. આઈ.પી.સી.એલ. ના ચુકાદાના પેરાનં.૧૦.૬ અને ૧૦.૧૦ પર આધાર રાખે છે. તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના માનસિંહ વિ. મારૂતી સુઝુકી ઈન્ડીયા લી. ના કેસમાં તમામ કામદારોને પહેલા

વી.આર.એસ. રકમ જમા કરાવવા જણાવ્યુ હતુ જેથી આ કાનુની સ્થીતીને ઘ્યાનમાં લઈ ઓફીસ આગળ વધી શકશે નહી સિવાય કે ઓફીસ સમક્ષ અથવા કંપનીમાં નાણા જમા કરાવવામાં આવે. વઘુમાં હાલના રેફરન્સને કલમ–૨૫(ઈ)(૨) તે લે–ઓફ સંબઘની જોગવાઈ છે પરંતુ આ કેસમાં લે–ઓફ કે ટ્રાન્સફર નથી પરંતુ વી.આર.એસ. રાજીનામાનો કેસ છે જેથી આ દલીલ પણ પાયાવિહોણી અને બીન જરૂરી છે. હાલના રેફરન્સમાં લે–ઓફની કાયદેસરતા અને માન્યતાનો નિર્ણય લેવા માટેનો સંદર્ભ નથી કારણ કે કંપની દ્વારા કોઈ છટણી કરવામાં આવી ન હતી અને સંબઘિત કામદારે વી.આર.એસ. યોજના હેઠળ રાજીનામુ આપ્યુ હતુ. સંબઘિત કામદારને કયારેય નોકરીમાંથી કાઢી મુકવામાં આવેલ નથી કે છટણી કરવામાં આવેલ નથી જેથી ૩૦ દિવસની છટણીની નોટીસ આપવાનો કોઈ પ્રશ્ન નથી. વઘુમાં બીજા પક્ષકારના માંગણા નિવેદનના પેરાનં.૬ માં જણાવ્યા મુજબ કલોઝર વળતર માટે માંગણી કરેલ છે પરંતુ હાલના રેફરન્સમાં કલોઝરને પડકારેલ નથી. રેફરન્સમાં કલોઝરની કાયદેસરતા અને માન્યતા માટે છે તેથી હાલના રેફરન્સમાં અસ્પતૃત છે જેથી કામદારે પોતાની મરજીથી વી.આર.એસ. સમાઘાન પર હસ્તાક્ષર કરીને રાજીનામુ આપ્યુ છે તે હકીકતને ઘ્યાનમાં લેતા આ વિવાદ ઉભો થયો છે જે કાયદેસર અને વાસ્તવિક રીતે યોગ્ય નથી જેથી હાલનો રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

(૪) આ કામના બીજા પક્ષકાર દ્વારા નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**–:મૌખીક પુરાવા:–**

**આંક–૧૧** થી બીજા પક્ષકાર મેહુલકુમાર વિજયસિંહ પરમારનું પુરાવા સોગંદનામુ રજુ થયેલ છે.

**–:દસ્તાવેજી પુરાવા:–**

**આંક–૦૫** થી બીજા પક્ષકાર તરફે દસ્તાવેજી લીસ્ટ રજુ કરેલ છે.

| અ.નં. | દસ્તાવેજોની વિગત. | તારીખ | આંક/ નિશાની |
|---|---|---|---|
| ૧. | એપોઈનમેન્ટ લેટર. | – | નિ.૫/૧ |
| ૨. | ટ્રાન્સફર લેટર. | – | નિ.૫/૨ |

(૫) આ કામના પ્રથમ પક્ષકાર તરફે કોઈ મૌખિક પુરાવા રજુ થયેલ નથી પરંતુ દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ રજુ કરેલા છે.

**–:દસ્તાવેજી પુરાવા:–**

**આંક–૧૦** થી પ્રથમ પક્ષકાર તરફે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

| અ.નં. | દસ્તાવેજોની વિગત. | તારીખ | આંક/ નિશાની |
|---|---|---|---|
| 1. | Settlement for VRS | 11 Nov 2020 | નિ.૧૦/૧ |
| 2. | Salary Slip showing VRS accepted | Nov 2020 | નિ.૧૦/૨ |
| 3. | Bank Statement showing VRS amount transferred to workman Account | | નિ.૧૦/૩ |

(૬) સદર કામે પક્ષકારોને નોટીશ કાઢવામાં આવેલ આવેલ છે. આંક–૩ થી બીજા પક્ષકાર તરફે વિ.વ.શ્રી પી.વી.ઠાકોરનું વકીલાતનામું રજુ થયેલ છે. ત્યારબાદ આંક–૬ થી વિ.વ.શ્રી કે.એમ.શાહનું વકીલાતનામુ રજુ થયેલ છે. આ કામના બીજા પક્ષકાર તરફે વધુ કોઈ પુરાવા રજુ ન થતા તેઓનો પુરાવા રજુ કરવાનો હકક આથી બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૧૩ થી પ્રથમ પક્ષકાર તરફે કલોઝીંગ પુરસીસ રજુ છે. બીજા પક્ષકાર તરફે કોઈ હાજર ન રહેતા તેઓનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રથમ પક્ષકાર તરફે રેફરન્સ કેસનં.૨૦૦/૨૦૨૩ નાકામે રજુ કરેલ લેખિત દલીલો આ કેસમાં ગણવા અંગેની પુરસીસ આંક–૧૪ થી રજુ કરેલ છે. ત્યારબાદ સદર કામ હુકમ ઉપર લેવામાં આવેલ છે.

(૭) આ કામના બીજા પક્ષકાર તરફે દલીલો માટે કોઈ હાજર રહેલ ન હોઈ તેઓનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૮) આ કામના પ્રથમ પક્ષકાર તરફે વિ.વ.શ્રી. કે.એમ.શાહનાઓએ રેફરન્સ ટી.નં.૨૦૦/૨૦૨૩ ના કામે લેખિત દલીલ રજુ કરેલ છે અને તે કેસમાં ચુકાદાઓ રજુ કરેલ તે આ કામે વંચાણે લેવા અંગેની પુરસીસ આપેલ છે જેથી આ કામે વંચાણે લીધેલ છે. વધુમાં મૌખિક દલીલમાં જણાવેલ છે કે આ કામના બીજા પક્ષકારને સમાધાન મુજબ પૈસા ચુકવી દીધા છે તેમજ વી.આર.એસ. મંજુર થયા બાદ તે વી.આર.એસ.ને પડકારેલ નથી અને લગભગ દોઢ વર્ષ બાદ ફરીયાદ આપેલ છે જેથી હાલનો રેફરન્સ નામંજુર કરવા અરજ કરેલ છે.દલીલોના સમર્થનમાં આ કામના પ્રથમ પક્ષકાર તરફે રેફરન્સ ટી.નં.૨૮/૨૦૨૩ ના કામે નીચે મુજબની ઓથોરીટીઓ રજુ કરેલ છે.

(1) APEX COURT IN THE MATTER MUNCIPAL COMMITTEE TAURU V/S HARSPAL SINGH REPORTED 1999(1) 102

(2) MADRAS HIGH COURT IN THE MATTER OF K. JAYAPAL V/S UNION OF INDIA 2007(4) LLN PG.450

(3) APEX COURT JUDGMENT ON THA SAME SUBJECT IN THE MATTER OF CEAT LTD V/S ANAND HAWALDAR REPORTED IN 2006 LLR PG.335

(4) APEX COURT IN THE MATTER OF A.K.BINDAL AND ANOTHER V/S UNION OF INDIA REPORTED IN 2003 (5) SCC 163

(5) KARNATAKA HIGH COURT JUDGEMENT IN THE MATTER OF RAMDAS D.B. AND OTHERS V/S THE GOVT. OF KARNATAKA REPORTED IN 2023 LLR 628.

(6) RAJASTHAN HIGH COURT JUDGEMENT IN THE MATTER OF MANAGER M/S SELECTION SYNTHETICS LTD V/S LABOUR COURT, BHILWARA & ANR.

(7) LAFFANS INDIA PVT V/S PANCHAM SINGH RAWAT AND OTHERS REPORTED IN 2006 (93) FLR 310

(8) GUJARAT STATE ROAD TRANSPORT CORPPORATION V/S SHANKARBHAI MALJIBHAI SANHWA REPORTED IN 2006 LLR 261

(9) SP.CIVIL APPLICATION NO.4781 OF 2008 IN THE MATTER OF BHARARKUMAR TRIVADI V/S CADILA PHARMACEUTICALS LTD.

(10) IPCL V/S ASHABEN WEGHALA REF 927 OF 2010 BARODA LABOUR COURT.

(11) GOODLASS NEROLAC PAINTS V/S ASST. COMMISSIONER OF LABOUR IN SP. CIVIL APPLICATION 12920 OF 2004

**(૯)** આ કામે કેસનું રેકર્ડ ઘ્યાને લેતાં આ કેસનાં ન્યાય નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

(૧) શું આ કામના બીજા પક્ષકારને આ કામના પ્રથમ પક્ષકાર દવારા ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે?

(ર) શું બીજા પક્ષકાર માંગણાના નિવેદનમાં માંગ્યા મુજબ નોકરીમાં પુન:સ્થાપિત થવા તથા પડેલા દિવસોના પગાર મેળવવા અથવા યોગ્ય વળતર મેળવવા હકકદાર છે ?

(૩) શું હુકમ ?

**(૧૦) ઉપરોકત મુદ્દાઓના નિર્ણય નીચે મુજબ છે.**

**–:: નિર્ણય ::–**

(૧) નકારમાં.

(ર) નકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

**(૧૧) મુદ્દા નં.૧:–**

આ કામે બીજા પક્ષકાર ધ્વારા તેઓની મજુર કમીશનરશ્રી સમક્ષની ફરીયાદમાં કંપની બંધ થવાને કારણે શોકોઝ નોટીસ આપ્યા વગર રીટ્રેચમેન્ટ સહીતના લાભ આપ્યા વગર **તા.ર૯/૧૦/ર૦ર૦** ના રોજ છુટા કરી દીધેલ હોવાની હકીકત જણાવેલ છે અને બીજા પક્ષકાર દવારા રજુ કરવામાં આવેલ માંગણા

નિવેદનમાં પ્રથમ પક્ષકારને ત્યાં **તા.૦૧/૦૫/૨૦૧૨** ના રોજથી **ઓપરેટર** તરીકે ખંત અને વફાદારીપૂર્વક ફરજ બજાવતા હતા તેમજ માસીક **રૂા.૨૩,૩૬૧/–** નો પગાર ચુકવતા હતા. વધુમાં બીજા પક્ષકારની બદલી પાચ માઈલની ત્રીજયાની બહાર ૧૨૦૦ કી.મી. દુર ચેનાઈ મુકામે કરેલ છે. તેમજ તા.૨૯/૧૦/૨૦૨૦ ના રોજ કંપનીએ પ્રોકડશન બંધ કરી દીધેલ અને કંપની બંધ કરી દીધેલ છે. જયારે આ કામના પ્રથમ પક્ષકાર તરફે **આંક–૭** થી લેખિત જવાબ રજુ કરેલ છે જેમા મજુર અદાલતના રેફરન્સની અનુસુચીમાં જણાવેલ તેની બહાર જઈને કોઈ પણ પ્રકારનો હુકમ કરી શકાય નહી જયારે આ કામના બીજા પક્ષકારે તા.૧૧/૧૨/૨૦૨૦ ના સમાધાન મુજબ બીજા પક્ષકારની વી.આર.એસ.ની અરજી/રાજીનામુ જે તા.૨૮/૧૦/૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ જેનો સંસ્થા ધ્વારા સ્વીકાર કરવામાં આવેલો છે અને ત્યારબાદ વી.આર.એસ. મુજબ તમામ લાભો આ કામના બીજા પક્ષકારને ચુકવી આપેલા છે. જયારે હાલના કામે બીજા પક્ષકારે લે ઓફ, રીટ્રેચમેન્ટ તેમજ કલોઝરને પડકારેલ છે. આ કામના બીજા પક્ષકાર નામદાર કોર્ટમાં ચોખ્ખા હાથે આવેલા નથી અને કેટલીક હકીકતોને તેઓએ નામદાર કોર્ટમાં છુપાવેલી છે તેથી પણ કોઈજ દાદ મેળવવા બીજા પક્ષકાર હકકદાર નથી. આ કામના બીજા પક્ષકારને વી.આર.એસ. મુજબ અને નીકળતા તમામ લાભો ચુકવી આપેલા છે સાથે પ્રોવીડન્ડ ફંડની રકમ મેળવવા કરેલ અરજીમાં રાજીનામુ આપવાનુ જણાવેલુ છે. આ બધી હકીકતો બીજા પક્ષકારે માંગણા નિવેદનમાં જણાવેલી નથી જેથી કરીને જયારે બીજા પક્ષકારે વી.આર.એસ. સ્કીમનો લાભ લીધેલ છે અને સમાધાનમાં સહી કરેલી છે તેમજ તેના નીકળતા તમામ કાયદેસરના હકકો મેળવી લીધેલા છે. જેથી બીજા પક્ષકાર દવારા રાજીનામું આપેલ હોય તેને છટણી ગણી શકાય નહી તેમ બચાવ લીધેલ છે. તેમજ આ હકીકત પુરવાર કરવા માટે **આંક–૧૦** ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. હવે આ મુધ્દા બાબતે બીજા પક્ષકારે આપેલ પુરાવો જોતા તેઓએ **આંક–૧૧** થી પોતાનું પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે તેમાં પણ માંગણા નિવેદનની હકીકતોને સમર્થન કરેલુ છે.જયારે બીજા પક્ષકારની પ્રથમ પક્ષકાર તરફે ઉલટતપાસ લેવામાં આવેલ છે જેમા તેઓએ સ્વીકારેલુ છે કે,વી.આર.એસ. ના સેટલમેન્ટમાં **નં .૨૨૨** પર મારી સહી છે અને તેમાં અંગ્રેજીમાં લખેલ છે. કંપીનીએ વી.આર.એસ. પેટે **રૂા.૭,૨૭,૦૦૩/–** મારા બેંક એકાઉન્ટમાં જમાં થયેલા છે. અમોએ વી.આર.એસ. સ્કીમ હેઠળ નાણા લીધા બાદ કોઈ સરકારી કચેરી કે મજુર કમીશનરશ્રી સમક્ષ લેખીતમાં ફરીયાદ કરેલ નથી. જે ધ્યાને લેતા આ કામના બીજા પક્ષકાર દવારા સંસ્થામાંથી રાજીનામું આપેલ હોવાનું બંને પક્ષે બિન–તકરારી છે તેવા સંજોગોમાં બીજા પક્ષકારે આવું રાજીનામું ખોટું હોવાનું અથવા તો પ્રથમ પક્ષકાર દવારા ગેરકાયદેસર રીતે લખાવી લીધેલ હોવાનું પુરવાર કરવાનું રહે તો તેઓ પોતાના માંગણા નિવેદનમાં માંગ્યાં મુજબની દાદ મેળવવા હકદાર થાય. હવે આ બાબતે કાયદાની જોગવાઈ

જોતા બીજા પક્ષકાર દવારા આપવામાં આવેલ રાજીનામું છટણી ગણાય કે કેમ,અને તે માટે પ્રથમ છટણી કોને કહેવાય તે માટે કાયદાની કલમ–૨ (૦૦) જોવી જરૂરી બને છે જે નીચે મુજબ છે..

***ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ–૨(૦૦) "છટણી ",***

*છટણી એટલે શિસ્તના પગલા તરીકે કરેલી શીક્ષારૂપે હોય તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલીકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તી, પરંતુ તેમાં નીચેનાનો સમાવેશ થતો નથી,*

*(એ)* ***કામદારની સ્વૈરછાપુર્વકની નિવૃતી,***

*(બી) માલીક અને સંબધીત કામદાર વચ્ચેના રોજગારના કરારમાં તે માટે શરત હોય તો નિવૃતી વયે પહોચતા કામદારની નિવૃતી અથવા,*

*(બીબી) માલીક અને સંબધીત કામદાર વચ્ચેના રોજગારનો કરાર પુરો થયે તાજો ન કરવાના અથવા તેમાં જણાવેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તીના કારણે કામદારની નોકરીની સમાપ્તી,અથવા,*

*(સી) માંદગીના કારણે કોઈ કામદારની નોકરીની સમાપ્તી.*

આમ, ઉપરોકત કલમના આવશ્યક તત્વો જોતા કામદાર દવારા જો સ્વૈચ્છાપુર્વકની નિવૃતી લેવામાં આવેલ હોય તો તેને છટણી ગણી શકાય નહી. આમ આ બાબત સાથે હાલના કેસની હકીકતો જોઈએ તો આ કામે બીજા પક્ષકાર દવારા તેમની મદદનીશ મજુર કમીશનરશ્રી સમક્ષની ફરીયાદમાં છુટા કરવાનુ કારણ કંપની બંધ થવાને કારણે શોકોઝ નોટીસ આપ્યા વગર રીટ્રેચમેન્ટ લાભ આપ્યા વગર **તા.૨૯/૧૦/૨૦૨૦** ના રોજ છુટા કરી દીધેલ હોવાનું જણાવેલ છે. જયારે તેઓના માંગણા નિવેદનમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે બીજા પક્ષકારની આજ ઔદ્યોગિક સંસ્થાની પાચ માઈલ ત્રીજયાની બહાર ચેનાઈ મુકામે આવેલ સંસ્થામાં **તા.૨૯/૧૦/૨૦૨૦** ના રોજ ટ્રાન્સફર હુકમ કરેલ છે. વધુમાં આઈ.ડી.એકટની કલમ–૨૫ (બી) મુજબ લે ઓફ આપતા પહેલા સરકારશ્રીની મંજુરી લેવાની રહે છે તે મુજબ મંજુરી મેળવેલ નથી. ચેન્નાઈ ટ્રાન્સફર કરેલ કામદારો ત્યાં હાજર થયા તો તેમનુ પુરેપુરૂ લે ઓફ મંજુર કરેલ છે અને તેઓને કાયદા મુજબની પુરેપુરી રકમ ચુકવેલ છે. વધુમાં આઈ.ડી.એકટની કલમ–૨૫ (સી) મુજબ ધંધો બંધ કરતા પહેલા ૯૦ દિવસ અગાઉ નિયત ફોર્મમાં પ્રથમ પક્ષકારે મંજુરી મેળવી નથી.વધુમાં ચેનાઈ હાજર થયેલા કામદારોને ત્યાં લે ઓફ કાયદા મુજબ પુરેપુરૂ આપેલ છે અને ફરજ પર લીધેલ નથી તે મુજબ અમો અરજદારોને લે ઓફ મળવાપાત્ર છે તેના કરતા ઓછુ લે ઓફ ચુકવેલ છે. જેથી તફાવતની રકમ ચુકવી આપવા હાલની અરજી મંજુર કરવા અરજ કરેલ છે. જયારે બીજા પક્ષકારે **આંક–૧૧** ના પુરાવા સોગંદનામામાં વધારાની એવી હકીકત જણાવેલ છે કે કામદાર કે યુનીયનને સાંભળેલ નથી અને ચેનાઈ મુકામે બદલી કરી અને ચેનાઈ નહી જનારા કામદારોને દબાણમાં લાવી આ કામે રજુ કરેલ પ્રપોઝ સમાધાનને આધારે દબાણમાં લાવી તેમના ખાતામાં

ઓછી રકમ જમા કરી તે સ્ટેટમેન્ટ આ કામે રજુ કરેલ છે. સમાધાનનો અમલ ર૪ કર્મચારીએ કર્યો તેઓને પૂર્ણ લે ઓફ નો પગાર આપેલ છે. જેઓ ચેનાઈ ખાતે સંકલનમાં હાજર થયા તેમને કામ પર ચાલુ રાખેલ નહી અને પુરેપુરો લે ઓફ નો પગાર ચુકવી આપી છુટા કરેલ છે તેથી દબાણ ઉભુ કરવા પ્રપોઝ સમાધાન કરેલ છે. વધુમાં પ્રથમ પક્ષકાર તા.૩૦/૧૦/ર૦ર૦ થી ૩૦૦ ઉપરાંતના કામદારોની એક સામટી ટ્રાન્સફર કરી ઉદ્યોગને સરકારશ્રીની પરવાનગી મેળવ્યા વગર લે ઓફ યાને તાળાબંધી કરેલ છે એટલે કે ફેકટરી બંધ કરી તાળાબંધી મારી દીધેલ છે. વધુમાં અત્રેની અદાલત સીવીલ પ્રોસીઝર કોડના નેચર મુજબ એટલે કે સીવીલ નેચર મુજબની કાર્યવાહી ચલાવે છે. સીવીલ પ્રોસીઝર કોડ ઓર્ડર–૮ મુજબના ફોર્મમાં જવાબ આપેલ નથી. ડીનાઈલ પણ કરેલ નથી. ફકત તમામ મુદ્દાઓ પ્રશ્નાર્થ તરીકે જણાવેલ છે. બીજા પક્ષકારે મજુર અદાલતમાં મજુરશ્રીઓને કાયદાકીય ભાષામાં સમજ પડે તે રીતનો જવાબ આપવો તેવુ કાયદામાં જણાવેલ છે તે મુજબનો હાલનો જવાબ નથી. જેથી પ્રથમ પક્ષકાર લીયર કંપનીએ આપેલ જવાબ રદ કરશોજી. આમ આ કામે બીજા પક્ષકાર તરફે પુરાવા સોગંદનામામાં માંગણા નિવેદનથી તદ્દન અલગ વધારાની સોગંદ પરની જુબાની જણાવેલ છે. વધુમાં ચેનાઈ નહી જનાર કામદારોને દબાણમાં લાવી આ કામે રજુ કરેલ પ્રપોઝ સમાધાનને આધારે દબાણમાં લાવી તેમના ખાતામાં ઓછી રકમ જમા કરી તે સ્ટેટમેન્ટ આ કામે રજુ કરેલ છે.જયારે રેકર્ડ પર આવેલ પુરાવો જોવામાં આવે તો આ કામે બીજા પક્ષકારના જણાવ્યા મુજબ તેઓને **તા.ર૯/૧૦/ર૦ર૦** ના રોજ કંપની બંધ થવાને કારણે છુટા કરવામાં આવેલા છે. જે ફરીયાદ મદદનીશ મજુર કમીશનરશ્રી ગોધરા ખાતે **તા.રર/૦૯/ર૦રર** ના રોજ આપવામાં આવેલ છે. આમ લગભગ એક વર્ષ અને અગિયાર મહીના બાદ આપવામાં આવેલ છે. જયારે આ કામના બીજા પક્ષકારે તેઓની ઉલટતપાસમાં સ્પષ્ટ સ્વીકારેલુ છે કે અમોએ વી.આર.એસ. સ્કીમ હેઠળ નાણા લીધા બાદ કોઈ સરકારી કચેરી કે મજુર કમીશનરશ્રી સમક્ષ ફરીયાદ કરેલ નથી. આમ બીજા પક્ષકાર જે વચ્ચેના ગાળામાં બીલકુલ કોઈ પણ પ્રકારની કાર્યવાહી કર્યા વગર બેસી રહેલ છે જયારે **આંક–૧૧** ના સોગંદનામામાં બીલકુલ નવી હકીકતો લખી સોગંદ પર જુબાની આપેલ છે. જો બીજા પક્ષકારને પોતાનુ રાજીનામુ બળજબરી પૂર્વક અને દબાણ પૂર્વક લખાવી લીધેલ હોત તો આટલા બધા કામદારો એકી સાથે બેસી રહે નહી અને તેઓની પાસે ઘણો બધો સમય મળેલ છે તેમ છતાં પોતાના હકક માટે કોઈ ફરીયાદ કે કોઈ પણ સરકારી સંસ્થામાં આ બાબતે પોતાની ફરીયાદ આપી શકે તેવી સ્થિતીમાં હતા પરંતુ તે પ્રમાણે કોઈ પણ પ્રકારની ફરીયાદ કોઈ પણ કચેરીમાં આપવામાં આવેલી નથી અને સૌ પ્રથમ સોગંદ પરની જુબાનીમાં જણાવેલુ છે. આમ આ નવી હકીકત વિચાર્યા પછીની છે. જેથી બીજા પક્ષકારની જુબાની અને ઉલટતપાસમાં જે રીતે તેઓએ સ્વીકારેલુ છે કે વી.આર.એસ. હેઠળ તેઓને નાણા મળેલા છે તેમના ખાતામાં જમા પણ થઈ ગયેલ છે તેમ છતાં પોતાના જાણમાં હોવા છતાં સૌ પ્રથમવાર સોગંદનામાની જુબાનીમાં પ્રપોઝ સમાધાનને આધારે દબાણમાં લાવી તેમના ખાતામાં ઓછી રકમ જમા કરી છે તેવુ જણાવેલુ છે. જયારે

**નિ.૧૦/૧** ના વી.આર.એસ. સ્કીમનો દસ્તાવેજ છે તેમા તેઓની સહી છે તે બાબતે તેઓએ ઈન્કાર કરેલ નથી. જેથી બીજા પક્ષકારની આવી તકરાર જોતા તેઓએ પ્રથમ પક્ષકાર દવારા તેઓની પાસેથી ગેરકાયદેસર રીતે રાજીનામું લેવામાં આવેલ હોવાનું પુરવાર કરવાનું રહે પરંતું બીજા પક્ષકાર દવારા આવી રીતે રાજીનામું ગેરકાયદેસર રીતે લેવામાં આવેલ હોવાનો કોઈ આધારભુત પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે એવા કોઈ સાક્ષીને આ કામે તપાસેલા નથી. આ કામના બીજા પક્ષકાર ને સંસ્થા દવારા તેઓના કુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ પેટેના નાણા પણ ચુકતે કરી દેવામાં આવેલ છે બાદમાં તેઓ દવારા હાલનો રેફરન્સ કરેલ છે**,**આ કામે બીજા પક્ષકાર દવારા સંસ્થાએ રાજીનામાના બહાના હેઠળ છુટા કરેલ હોવાનું જણાવેલ છે પરંતું આ હકીકત પુરવાર કરવા માટે કોઈ પણ આધારભુત પુરાવો રજુ કરેલ નથી આ કામના બીજા પક્ષકાર દવારા આપવામાં આવેલ રાજીનામું સ્વેરછીક હોવાનું ફલીત થાય છે તે સંજોગોમાં કામદારે જયારે સ્વૈચ્છિક રાજીનામું આપેલ હોય અને આવુ રાજીનામું સ્વીકારાયેલ હોય ત્યારે ફ્રોડ કે દબાણના સ્પષ્ટ પુરાવાની ગેરહાજરીમાં છટણી કે બરતરફી ગણી શકાય નહી.આ સંજોગોમાં પડેલ પુરાવો જોતા બીજા પક્ષકારની બરતરફી કે છટણી કરવામાં આવેલ હોવાનુ જણાઈ આવતુ નથી. વધુમાં આ બાબતે **નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા 2009 3 GLR 2400 HMP ENGINEERS LTD V/S R KASHI NAIDU વાળા ચુકાદામાં** કરાયેલ અવલોકન મુજબ કામદાર ધ્વારા રાજીનામું અપાયા બાદ સદરહુ રાજીનામાંનો સ્વીકાર થયા બાદ ફકત કંપનીના અધિકારીએ કોઈ મૌખિક વાયદા કરેલ હોય તેવા આક્ષેપ માત્રથી તેવા વાયદા અંગેના દસ્તાવેજોની ગેરહાજરીમાં કામદાર તરફે તેવા આક્ષેપો ટકી શકે નહી જયારે રાજીનામું અપાયેલ હોય તેનો સ્વીકાર થયેલ હોય અને બાકીના હકક હિસ્સાના નાણા પણ અપાયેલ હોય તેવા સંજોગોમાં બીજા પક્ષકારનો રેફરન્સ ટકી શકે નહી અને આવી રીતે જયારે રાજીનામું આપી દીધેલ અને રાજીનામાનો સ્વીકાર થયેલ હોય તેવા સંજોગોમાં તેને છટણી કહી શકાય નહી તેમ અવલોકન કરવામાં આવેલ છે. વધુમાં આ કામના પ્રથમ પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલ **APEX COURT IN THE MATTER MUNCIPAL COMMITTEE TAURU V/S HARSPAL SINGH REPORTED 1999(1) 102 ના ચુકાદામાં** માંગણાના નિવેદન મુજબ ઓકટ્રોય મોહરીર તરીકે નિયકુત કરવામાં આવ્યા હતા પરંતુ તા.૦૧/૦૬/૧૯૮૫ ના રોજ પ્રતિવાદીએ તેમને ઓકટ્રોય પટાવાળાની કામ કરવાની વિનંતી પર ગેરકાયદેસર રીતે ફરજ પરથી રોકયા હતા.ઓકટ્રોય પટાવાળા તરીકે ફરજ બજાવવાનો ઈન્કાર કરેલ કારણ કે અરજી મોહરીર તરીકે નિયકુત માટે હતી. જયારે જુબાનીમાં સને–૧૯૮૦ માં તૈરૂની મ્યુનીસીપલ કમીટીમાં ઓકટ્રોય પટાવાળા તરીકે નિયકુત કરવામાં આવેલ હતો. સને–૧૯૮૫ માં મને નોકરીમાંથી દુર કરવામાં આવેલ હતો. હટાવતા પહેલા કોઈ કારણદર્શક નોટીસ આપવામાં આવેલ ન હતી. આ કેસમાં મજુરીના મામલામાં દાવેદાર કોર્ટ અથવા ટ્રીબ્યુનલ સમક્ષ કેસ લઈને જાય છે અને તે કેસના ગુણદોષ પર આધાર રાખીને તેને રાહત આપવી કે નકારી કાઢવી તેમા

તકનિકિ બાબતોને જોવાનો અર્થ નથી. જયારે કોર્ટ અથવા ટ્રીબ્યુનલ કોઈ કામદારને રાહત આપે છે જે તે આધારથી તદ્દન વિરૂધ્ધ હોય છે ત્યારે કોઈ નોંધપાત્ર ન્યાય હોતો નથી. જે ખરેખર એમ્પ્લોયરનો કેસ છે એમ્પ્લોયર અને કર્મચારી આ બંને સાથે નોંધપાત્ર ન્યાય થવો જોઈએ. આ કેસમાં જે અવલોકન કરવામાં આવેલ છે તેની સાથે અત્રેની અદાલત સંપૂર્ણ રીતે સહમત છે. હાલના કેસની હકીકત ઉપરના કેસની હકીકતથી અલગ છે જેથી સંપૂર્ણપણે લાગુ પાડી શકાય તેમ નથી. તેમજ **MADRAS HIGH COURT IN THE MATTER OF K. JAYAPAL V/S UNION OF INDIA 2007(4) LLN PG.450 ના ચુકાદામાં** રાજીનામુ સ્વીકારવામાં આવ્યુ હતુ જેમા વ્યકિતગત કારણોસર રાજીનામાનો પત્ર સુપરત કરેલ હતો અને ટર્મીનલ લાભો સ્વીકાર્યા પછી પુન:સ્થાપનની માંગણી કરેલ હતી. તે કિસ્સામાં કામદાર લાંબી સારવાર હેઠળ હતા પરંતુ લાંબી સારવારનો પુરાવો રજુ કરી શકેલા નહી જેથી તે કેસમાં જે દાદ માંગેલ હતી તે વિકૃત કે વ્યર્થ છે. જયારે હાલના કીસ્સામાં વી.આર.એસ. સ્કીમનો લાભ લીધેલ છે ત્યાં સુધી કામદારને કોઈ તકરાર નથી તેમજ સમાધાન પર પણ પોતાની સહી છે અને કબુલેલુ છે. જેથી ઉપરોકત ચુકાદામાં જે પ્રસ્થાપીત સિધ્ધાંત સ્થાપીત કરેલ છે તે મુજબ પ્રથમ પક્ષકારને આ ચુકાદો મદદરૂપ થાય છે. વધુમાં આ કામના પ્રથમ પક્ષકાર તરફે રજુ કરેલ **APEX COURT JUDGMENT ON THA SAME SUBJECT IN THE MATTER OF CEAT LTD V/S ANAND HAWALDAR REPORTED IN 2006 LLR PG.335 ના ચુકાદામાં** કર્મચારીઓ માટે સ્વૈચ્છીક નિવૃતી યોજના જાહેર કરેલ હતી જે ૩૩૭ કર્મચારીઓએ સ્વીકારેલ હતી જે પ્રથમ સ્કીમ હતી. જયારે બીજી સ્કીમમાં ૧૭૯ કર્મચારીઓએ સ્વીકારેલ હતી. તેઓએ સમજુતી કરાર પર હસ્તાક્ષર કરેલ હતા. જયારે પ્રથમ સ્કીમવાળાઓએ થાણેની ઔદ્યોગિક અદાલતમાં ફરીયાદ દાખલ કરેલ હતી અને તેમા અન્યાયી શ્રમપ્રથા કરી છે તેવી દલીલ કરેલ હતી. ઔદ્યોગિક અદાલત દ્વારા રેફરન્સ મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ નામદાર બોમ્બે હાઈકોર્ટના સીંગલ બેંચ દ્વારા ૬% વ્યાજ સાથે એવોર્ડને મોડીફાઈડ કરેલ. ત્યારબાદ નામદાર બોમ્બે હાઈકોર્ટના ડીવીઝન બેંચ દ્વારા રદ કરેલ. નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા નામદાર સીંગલ બેંચના જજમેન્ટને તેમજ નામદાર ઔદ્યોગિક અદાલતના જજમેન્ટને રદ કરેલ. આમ, હાલના ચુકાદામાં પણ કામદારોએ સ્વૈચ્છીક રાજીનામુ આપેલુ છે તેનો સ્વીકાર કરવામાં આવેલો છે તેમજ સમાધાન મુજબના નાણા તેઓને બેંક મારફતે મળી ગયેલા છે. જેથી હાલનો ચુકાદો પણ પ્રથમ પક્ષકારને મદદરૂપ થાય છે. તેમજ **APEX COURT IN THE MATTER OF A.K.BINDAL AND ANOTHER V/S UNION OF INDIA REPORTED IN 2003 (5) SCC 163 ના ચુકાદામાં** નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા તે ચુકાદામાં એવુ અવલોકન કરેલ છે કે કર્મચારી પોતે કંપની અથવા ઔદ્યોગિક સંસ્થાની સેવાઓ છોડીને તેના બધાજ દાવાઓ અથવા અધિકારો છોડી દે છે તેના બદલામાં ચુકવવામાં આવે છે. આમ જો કર્મચારી સ્વૈચ્છીક નિવૃતી યોજનાઓ પસંદ કર્યા પછી અને તેને ચુકવવામાં આવેલ રકમ સ્વીકાર્યા પછી પણ પાછળ તારીખથી પગાર

ધોરણમાં વધારો કરવા અંગે ફરીયાદ કરવાની આપવામાં આવે તો યોજના શરૂ કરવાનો આખો હેતુ સંપૂર્ણપણે નિષ્ફળ જશે. આમ આ ચુકાદો પણ પ્રથમ પક્ષકારને મદદરૂપ થાય છે. તેમજ **KARNATAKA HIGH COURT JUDGEMENT IN THE MATTER OF RAMDAS D. B. AND OTHERS V/S THE GOVT. OF KARNATAKA REPORTED IN 2023 LLR 628 ના ચુકાદામાં** કાયદાના સ્થાયી થયેલા પ્રસ્તાવોને ઘ્યાનમાં રાખીને કાયદા દ્વારા વ્યાખ્યાયીત કરાયેલ ''ઔદ્યોગિક વિવાદ'' અસ્તિત્વમાં હોવો જોઈએ અથવા સરકારે તેને નિર્ણય માટે મોકલવાનો નિર્ણય લેતા પહેલા આવા વિવાદને પકડવો જોઈએ અને પ્રસ્તાવને ઘ્યાનમાં રાખી આ કેસ તથ્યોની તપાસ કરવાની જરૂર છે તેવા કિસ્સામાં મોકલવો જોઈએ. આમ હાલના કેસમાં વી.આર.એસ. સ્કીમનો લાભ લીઘેલ છે. સમાધાનમાં પોતાની સહી છે તેમજ તે મુજબના નાણા તેમના બેંક એકાઉન્ટમાં જમા થયેલા છે. તેથી પણ આ ચુકાદો પ્રથમ પક્ષકારને મદદરૂપ થાય છે. તેમજ **RAJASTHAN HIGH COURT JUDGEMENT IN THE MATTER OF MANAGER M/S SELECTION SYNTHETICS LTD V/S LABOUR COURT, BHILWARA & ANR ના ચુકાદામાં** રાજીનામુ સ્વીકારેલુ પુરવાર થયેલ તેવુ કામદારે જાતે સ્વીકારેલ છે. જયારે સોગંદનામામાં એવુ જણાવેલ કે તેને સ્વૈચ્છાએ કોઈ રાજીનામુ સબમીટ કરેલ નથી. મેનેજરે તેના સહી કરેલા કોરા કાગળનો ઉપયોગ કરેલ હતો. જયારે ઉલટતપાસમાં તેને એવુ સ્વીકારે કે મે દસ્તાવેજ વાંચ્યા પછી મારી સહીઓ કરેલ છે. કામદારે ઈન્કાર કરેલ ન હતો કે રાજીનામાના દસ્તાવેજમાં તેની સહી ન હતી અને ચોકકસ કબુલાત એ હતી કે હુ વાંચ્યા વિના ખાલી કાગળો પર સહી કરતો નથી. પક્ષકારો વચ્ચે મુદ્દો એ હતો કે શું કામદાર સ્વૈચ્છાએ નોકરી છોડી ગયેલ છે કે મેનેજમેન્ટ દ્વારા સેવાઓ સમાપ્ત કરવામાં આવેલી છે. આઈ.ડી.એકટની કલમ-૨૫ (એફ) હેઠળ વળતર અંગે કોઈ પણ મુદ્દો જોડાયેલ ન હતો. મેનેજમેન્ટ દ્વારા ખાસ કહેવામાં આવ્યુ હતુ કે કામદારે સ્વૈચ્છાએ નોકરી છોડી દીઘેલ હોવાથી કલમ-૨૫ (એફ) ની જોગવાઈનુ પાલન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. રાજીનામુ પત્ર સ્વૈચ્છાએ આપવામાં આવ્યુ હતુ કે કોઈ અનુચિત પ્રભાવ હેઠળ તે કિસ્સામાં, કામદારે એ બતાવવુ હતુ કે કયા પ્રકારની બળજબરી અથવા અનુચિત પ્રભાવ કરવામાં આવ્યો હતો જેના કારણે તે રાજીનામુ પત્ર આપી શકયો હોત.નામદાર શ્રમ અદાલત દ્વારા નોંઘાયેલા કારણો ખોટા સાબીત થાય છે. કામદાર દ્વારા રજુ કરાયેલા પુરાવાનુ અવલોકન દર્શાવે છે કે રાજીનામુ સબમીટ કરવા માટે તેના પર કોઈ પ્રકારનુ અનુચીત પ્રભાવનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાના કોઈ પુરાવા તેમને આપ્યા નથી. આ સ્પષ્ટપણે છટણીનો કેસ નથી. લેબર કોર્ટે દેખીતી રીતે પુરાવાના ભારણ વિશે કાયદાને યોગ્ય રીતે ન સમજવામાં ભુલ કરી હતી અને કામદારના નિવેદનમાં તેની કબુલાતને અવગણીને સ્પષ્ટ ભુલ કરી હતી. જેથી બરતરફીનો કેસ નથી લેબર કોર્ટનો કેસ રદ કરેલ. હાલના ચુકાદામાં પણ સંપૂર્ણ રીતે બંધ બેસે છે. જેથી હાલનો ચુકાદો પ્રથમ પક્ષકારને મદદરૂપ થાય છે. તેમજ **LAFFANS INDIA PVT V/S PANCHAM SINGH RAWAT AND OTHERS REPORTED IN 2006 (93) FLR 310 ના ચુકાદામાં** નામદાર લેબર

કોર્ટ દ્વારા રૂા.૧,૨૫,૦૦૦/– નો એવોર્ડ કરવામાં આવેલ. આ ચુકાદામાં પણ કેટલાક કોરા કાગળોમાં સહી લીધેલ તેવો કામદારોનો કેસ હતો. કામદારનુ રાજીનામુ સ્વીકારવામાં આવ્યુ હતુ. કામદારે કોઈ સત્તાવાળા અથવા તેના યુનીયન અથવા સરકારી શ્રમ અધીકારીનો સંપર્ક કરી કયારેય રાજીનામુ આપ્યુ નથી પરંતુ તેનુ રાજીનામુ બળજબરીથી લેવામાં આવ્યુ હતુ અથવા તો કોરા કાગળ પર સહી લેવામાં આવી હતી. શ્રમ અદાલતના તારણો પાયાવિહોણા અને વિકૃત છે જેથી આ ચુકાદો પણ રદ કરવામાં આવેલ. હાલના કેસમાં પણ સ્વૈચ્છીક રાજીનામુ હતુ તેથી આ ચુકાદો પણ પ્રથમ પક્ષકારને મદદરૂપ થાય છે. તેમજ **GUJARAT STATE ROAD TRANSPORT CORPPORATION V/S SHANKARBHAI MALJIBHAI SANHWA REPORTED IN 2006 LLR 261 ના ચુકાદામાં** નામદાર લેબર કોર્ટ પાલનપુર દ્વારા કામદારનો રેફરન્સ પડેલા દિવસોના પગાર વગર પુન:સ્થાપિત કરેલ. સદર કેસની ટુંકી હકીકત એવી હતી કે પ્રતિવાદી આસીસ્ટન્ટ ટ્રાફીક ઈન્સ્પેકટર તરીકે ડીસા ડેપોમાં નોકરી કરતા હતા. પ્રતિવાદીએ તા.૦૧/૧૦/૧૯૯૬ ના રોજ બીમારીના કારણે તેમજ કામ નહી કરવાની શકિતને કારણે રાજીનામુ આપવામાં આવેલ અને તે રાજીનામુ સ્વીકારવામાં આવેલ અને તેમા પ્રતિવાદીને ગ્રેજ્યુઈટી, પ્રોવીડન્ટ ફંડ તેમજ રીટાયર્ડના લાભો આપવામાં આવેલ હતા તેવી રજુઆત કરવામાં આવેલી. ત્યાર પછી પ્રતિવાદીએ પાછલા તબકકે પોતાનુ રાજીનામુ પરત માટે જણાવેલ. વધુમાં આ પ્રતિવાદીએ રેફરન્સ રાજીનામાના સાત મહીના પછી કરેલ. જેથી આ વર્તણુંક વિચાર્યા પછીની છે જેથી તે ગ્રાહય રાખવા પાત્ર નથી. આમ કામદાર પછીના તબકકે પોતાનુ રાજીનામુ પાછુ ખેંચી શકે નહી અને તેવા કારણસર નામદાર લેબર કોર્ટનો ઓર્ડર રદ કરવામાં આવેલ. જેથી આ ચુકાદો પ્રથમ પક્ષકાર સંસ્થાને મદદરૂપ થાય છે. તેમજ **SP.CIVIL APPLICATION NO.4781 OF 2008 IN THE MATTER OF BHARARKUMAR TRIVADI V/S CADILA PHARMACEUTICALS LTD ના ચુકાદામાં** લેબર કોર્ટ અમદાવાદ દ્વારા રદ કરેલ એવોર્ડની સામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં રીટ ફાઈલ કરેલ તેમા પણ તેનુ રાજીનામુ દબાણ પૂર્વક મેળવવામાં આવેલુ તેવો તેનો કેસ હતો અને કામદારના હસ્તાક્ષરમાં તેનુ રાજીનામુ હતુ નહી તેવો બચાવ લેવામાં આવેલ જયારે કામદારે સ્કીમ હેઠળ રાજીનામુ મુકેલ અને કામદારે તે કેસમાં સ્વીકારેલુ કે તેને સેટલમેન્ટ મુજબના પૈસા મળી ગયેલા છે. આમ નામદાર લેબર કોર્ટના ચુકાદાને કાયમ રાખવામાં આવેલ છે. જેથી આ ચુકાદો પ્રથમ પક્ષકાર સંસ્થાને મદદરૂપ થાય છે. તેમજ **IPCL V/S PUNAMBHAI ASHABHAI WAGHALA REF 927 OF 2010 BARODA LABOUR COURT ના** ચુકાદો અત્રેની લેબર કોર્ટને બાઈન્ડીંગ નથી તેમ છતાં તે ચુકાદામાં પણ વી.આર.આર.સ્કીમનો લાભ લેવામાં આવેલ છે. તેમજ **GOODLASS NEROLAC PAINTS V/S ASST. COMMISSIONER OF LABOUR IN SP. CIVIL APPLICATION 12920 OF 2004 ના ચુકાદા**માં પ્રતિવાદીએ સ્વૈચ્છીક નિવૃતી રજુ કરેલ અને અલગ રાજીનામુ તેમજ દરેકનુ અલગ સમાધાનના સાઈન કરેલ અને તેના રાજીનામાનો સ્વીકાર કરવામાં

આવેલ. સામાવાળાએ તમામ લાભો મેળવી લીધેલા તેમ છતાં સામાવાળાએ પુરેપુરા પગાર માટે અને પુન:સ્થાપન માટે રેફરન્સ રીફર કરાવેલ પરંતુ કામદારે વી.આર.એસ.નો લાભ લઈ તમામ નાણા મેળવેલા હોઈ તેથી કામદારનો રેફરન્સ રદ કરવામાં આવેલ. જેથી આ ચુકાદો પ્રથમ પક્ષકાર સંસ્થાને મદદરૂપ થાય છે. આમ, આ તમામ કારણોસર આ કામના બીજા પક્ષકાર દવારા પ્રથમ પક્ષકાર સંસ્થામાંથી સ્વૈચ્છીક રાજીનામું આપેલ છે જેથી હાલના કેસમાં પણ ઔધોગીક વિવાદ ધારાની કલમ–૨૫ (એફ)નું પાલન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો ના હોય તેનો ભંગ થયેલ હોય તેમ પણ કહી શકાય નહી,આમ ઉપરોકત તમામ સંજોગો તથા હકીકતો જોતા આ કામના બીજા પક્ષકાર સંતોષકારક પુરાવાના અભાવે પ્રથમ પક્ષકાર દવારા રાજીનામાના બહાના હેઠળ ગેરકાયદેસર રીતે ઔધોગીક વિવાદ ધારાની કલમ–૨૫ (એફ)નો ભંગ કરીને છુટા કરેલ હોવાનું પુરવાર કરી શકેલ ના હોય **મુધ્દાનં.૧** નો નિર્ણય **નકારમાં** આપવામાં આવે છે.

**(૧૨) મુધ્દાનં.૨ ::–**

આ કામના બીજા પક્ષકાર દવારા તેઓના માંગણા નિવેદનમાં તેઓને કંપની બંધ થવાને કારણે શોકોઝ નોટીસ આપ્યા વગર રીટ્રેંચમેન્ટ સહીતના લાભ આપ્યા વગર **તા.૨૯/૧૦/૨૦૨૦** ના રોજ છુટા કરી દીધેલ હોવાની હકીકત જણાવેલ છે પરંતુ મુધ્દાનં.૧ માં કરેલ ચર્ચા તેના કારણો તથા નિર્ણય ધ્યાને લેતા બીજા પક્ષકાર દવારા પ્રથમ પક્ષકાર દવારા સ્વેરછીક રાજીનામું આપેલ હોવાનું જણાય છે અને આવું રાજીનામું દબાણથી કે ગેરકાયદેસર રીતે લેવામાં આવેલ હોવાનો કોઈ સમર્થનકારી કે સંતોષકારક પુરાવો રજુ થયેલ ના હોય આવી રીતે આપવામાં આવેલ સ્વેરછીક રાજીનામાંને ગેરકાયદેસર છટણી ગણી શકાય નહી અને આવી રીતે આપેલ સ્વેરછીક રાજીનામું છટણી ના હોય તેવા સંજોગોમાં કાયદાની કલમ–૨૫ (એફ)ની જોગવાઈઓના પાલનની આવશ્યકતા રહેતી ન હોય,આ તમામ બાબતો ને આધારે આ કામના બીજા પક્ષકાર માંગણાના નિવેદનમાં માંગ્યા મુજબ નોકરીમાં પુન:સ્થાપિત થવા તથા પડેલા દિવસોના પગાર મેળવવા અથવા યોગ્ય વળતર મેળવવા હકકદાર થતા ના હોય **મુધ્દાનં.૨** નો નિર્ણય **નકારમાં** આપવામાં આવે છે.

**(૧૩) મુધ્દાનં.૩ ::–**

આ કામના બીજા પક્ષકાર દવારા મુધ્દાનં.૧ તથા ૨ માં જણાવેલ ચર્ચા તથા નિર્ણય ધ્યાને લેતા **મુદાનં.૩** લગત ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આ કામના બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૩) હાલનો એવોર્ડ મદદનીશ શ્રમ આયુકતશ્રી,ગોધરાને પ્રસિધ્ધી માટે મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**તારીખ : ૨૨/૧૨/૨૦૨૫**
**સ્થળ : ગોધરા.**

**(કમલેશકુમાર દિનેશભાઈ વિડજા)**
**Code: GJ01461**
**પ્રિસાઈડીંગ ઓફીસર**
**મજુર અદાલત કોર્ટ,ગોધરા**